નાયબ નિયામક(આઇ.ટી.)ને
વિભાગની આઇ.ટી. કમિટીમાં સભ્ય-
સચિવ બનાવવા બાબત.

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:DIT/14/2015/62482/IT
તા.૧૪/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:

૧) વિભાગનો તા.૩૦/૭/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: ટીએસપી/૨૦૦૪/૮૦૮/ડીએસટી

૨) વિભાગનો તા.૫/૧૨/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક:ડીઆઇટી/૧૪/૨૦૧૫/૬૨૪૮૨/આઇટીસી

આમુખ:

સરકારનાં વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, ગ્રામીણ/શહેરી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ IT/ITES ને લગતા પ્રોજેક્ટ,પ્રોડક્ટ,સોલ્યુશન અને આનુષાંગિક સેવાઓ મેળવવા માટેની માર્ગદર્શિકા વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૩૦/૭/૨૦૦૪ ના ઠરાવથી જાહેર કરવામાં આવી છે. આ ઠરાવ અંતર્ગત જે-તે વહીવટી વિભાગમાં રચાયેલ આઇ.ટી. કમિટી મારફત IT/ITES ને લગતા પ્રોજેક્ટ,પ્રોડક્ટ,સોલ્યુશન અને આનુષાંગિક સેવાઓ મેળવવા અંગેના નિર્ણય લેવામાં આવે છે. આ ઠરાવ મુજબ આઇ.ટી. કમિટિમાં જે-તે વિભાગના CIO/Technical Representative of Organization નો સભ્ય સચિવ તરીકે ઉલ્લેખ થયો હતો. જે-તે સમયે સરકારના વહીવટી વિભાગો પાસે આઇ.ટી.ક્ષેત્રનાં જાણકાર અધિકારીઓ ઉપલબ્ધ ન હોવાથી વિભાગની આઇ.ટી. કમિટીમાં તે સમયે સમાયેલ CIO અથવા અન્ય અધિકારીને આઇ.ટી. કમિટિમાં સભ્ય સચિવ તરીકેની કામગીરી સોંપવામાં આવતી હતી. તેમા બદલાયેલા સંજોગોના કારણે ફેરફારની આવશ્યકતા જણાતા સરકારમાં જ્યારે આઇ.ટી.ક્ષેત્રનાં નિષ્ણાંત અધિકારીઓની આઇ.ટી.કેડર ઉભી કરવામાં આવી છે અને સરકારના વહીવટી વિભાગોમાં નાયબ નિયામક(આઇ.ટી.),વર્ગ-૧ ના અધિકારીઓની સેવાઓ ફાળવવામાં આવી છે ત્યારે આ અધિકારીઓનું આઇ.ટી. સંબંધિત ટેકનિકલ જ્ઞાન વિભાગને ઉપયોગી બને તે માટે વિભાગની આઇ.ટી.કમિટીમાં સભ્ય સચિવ તરીકેની કામગીરી આઇ.ટી.કેડરના અધિકારીઓને સોંપવી જરૂરી છે.

૨) નાયબ નિયામક(આઇ.ટી.),વર્ગ-૧ કક્ષાના અધિકારીઓની કામગીરી ઉપર વંચાણે લીધેલ તા.૫/૧૨/૨૦૧૯ ના પરિપત્રથી નક્કી કરેલ છે. આ પરિપત્રની સૂચનાઓ મુજબ નાયબ નિયામક(આઇ.ટી.)એ તેઓને ફાળવેલ વિભાગોની આઇ.ટી.કમિટીમાં સભ્ય-સચિવ તરીકેની કામગીરી કરવાની રહે છે. તેમ છતાં

વિભાગના ધ્યાને આવેલ છે કે, મોટાભાગના વિભાગોની આઇ.ટી.કમિટીમાં જે-તે વિભાગને ફાળવવામાં આવેલ નાયબ નિયામક(આઇ.ટી.)ને સભ્ય સચિવ બનાવવામાં આવેલ નથી. આથી, આઇ.ટી. કેડરના અધિકારીઓનો યથોચિત ઉપયોગ થતો ન હોવાથી આઇ.ટી. કેડરના નાયબ નિયામકને દરેક વિભાગની આઇ.ટી. કમિટિમાં સભ્ય સચિવ તરીકે સામેલ કરી તેઓના ટેકનીકલ જ્ઞાનનો મહત્તમ ઉપયોગ થાય તે માટે પુનઃ સૂચનાઓ બહાર પાડવાનું અનિવાર્ય બન્યું છે.

**પરિપત્ર:**

દરેક વહીવટી વિભાગમાં રચાયેલ આઇ.ટી.કમિટિમાં આઇ.ટી.ક્ષેત્રના નિષ્ણાંત અધિકારી હોવાનું જરૂરી હોવાથી ઉપર આમુખમાં જણાવેલ સંજોગોમાં દરેક વિભાગની આઇ.ટી. કમિટિમાં તે વિભાગની કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ નાયબ નિયામક(આઇ.ટી.),વર્ગ-૧ ને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરવા આથી પુખ્ત વિચારણાને અંતે પરિપત્રિત કરવામાં આવે છે.

૨) દરેક વિભાગની આઇ.ટી. કમિટિમાં નિયુક્ત CIO કે અન્ય અધિકારીને હાલ પુરતા વિભાગ ઇચ્છે તો સભ્ય તરીકે ચાલુ રાખી શકશે. પરંતુ, આ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ નાયબ નિયામક (આઇ.ટી.), વર્ગ-૧ ના અધિકારીને અચૂક સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરી તે મુજબના આનુષાંગિક હુકમો બહાર પાડી તેની નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

૩) આ પરિપત્રની સૂચનાઓનું દરેક વિભાગ દ્વારા ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(નિકુંજ જાની)
ઉપ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામક, આઇ.સી.ટી. અને ઇ-ગવર્નન્સ, બ્લોક નં.૨/૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- તમામ અધિકારીશ્રીઓ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગંધીનગર.
- તમામ નાયબ નિયામક(આઇ.ટી.)
- વેબ ડેવલોપર- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી)
- સિલેક્ટ ફાઇલ.